# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-11-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## મુખ્યમંત્રી : કૃષિપેકેટ

રાજ્યના ખેડૂતો માટે આજનો દિવસ નિર્ણાયક સાબિત થયો. સરકારે પાક નુકસાની માટે 10 હજાર કરોડના ઇતિહાસના સૌથી મોટા કૃષિ પેકેજની જાહેરાત કરી છે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા બેઠક બાદ નિર્ણય કરીને એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી હતી. આ સહાય પિયત અને બિનપિયત માટે એક સમાન ધોરણે તમામ પાક માટે 2 હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર 22000 ચૂકવાશે. જેને 16500 ગામના ખેડૂતોને લાભ મળશે. જેનો સર્વે થયો નથી એ ખેડૂત પણ અરજી કરી શકશે.

સરકારે 44 લાખ હેક્ટર જમીનમાં 100 ટકા નુકસાન ગણીને નિર્ણય કર્યો છે. 10 હજાર કરોડના આ પેકેજમાં 6429 કરોડ **SDRF** અને 3386 કરોડ રાજ્યના બજેટમાંથી ફાળવ્યા છે. આમ કુલ 9815 કરોડ થાય છે. જો કે જે ખેડૂતોનો સર્વે નથી થયો તે પણ અરજી કરી શકશે અને જો પાત્રતા હશે તો તેને પણ સહાય ચૂકવાશે. જેથી આ સહાય વધીને 10 હજાર કરોડ સુધી પહોંચી શકે છે.

---------------------------------------------------------------------------------

## ચૂંટણીપંચ : SIR

ભારતીય ચૂંટણી પંચનાં નિયામક શુભ્રા સક્સેના અને સચિવ બિનોદ કુમારે ગઇકાલે ગાંધીનગરમાં બેઠક યોજી. બંને મહાનુભાવે રાજ્યમાં ચાલી રહેલા વિશેષસઘન સુધારણા – **S.I.R.** પ્રક્રિયાની સમીક્ષા કરી. તેમણે જિલ્લા ચૂંટણીઅધિકારીઓ અને મહાનગરપાલિકાના કમિશનર્સને **S.I.R.** પ્રક્રિયા વધુ સુગમબનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં **S.I.R.** પ્રક્રિયાની માહિતી આપતા મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ કહ્યું, 27 ઑક્ટોબરની સ્થિતિએ રાજ્યમાં પાંચ કરોડ આઠ લાખ 43 હજાર436 મતદાર નોંધાયેલા હતા. આ તમામને ગણતરીપત્રક ફોર્મ પ્રિન્ટ કરીને અપાશે. અત્યાર સુધી એક કરોડ એક લાખ ચાર હજાર 584જેટલા પત્રક મતદાર સુધી પહોંચાડી દેવાયા છે.

---------------------------------------------------------------------------------

## જોરાવરસિંહ જાદવનું નિધન

રાજ્યના પ્રખ્યાત લોક સાહિત્યકાર અને લોકકળાના રખેવાળ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું  ગઈ કાલે 85 વર્ષની વયે અવસાન થયું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જાદવને શ્રદ્ધાંજલિ આપી છે.અમદાવાદમાં ધંધૂકા તાલુકાના આકરુ ગામે જન્મેલા શ્રી જોરાવરસિંહ જાદવે લોકસાહિત્ય, લોકકળા અને લોકસંસ્કૃતિ પર 90થી વધુ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું છે. લોક કળાના પ્રચાર-પ્રસાર માટે તેમણે વર્ષ 1978માં ગુજરાતલોકકળા ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. આ ઉપરાંત, તેઓ રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ પણ હતા. તેમના અવસાનથી ગુજરાતનાં લોક કળાઅને સાહિત્ય ક્ષેત્રમાં શોકની લાગણી પ્રસરી છે.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલી ભારતીય ટીમનો ટી20 મેચની શ્રેણીનો અંતિમ મુકાબલો આજે બ્રિસબેન ખાતે થશે.  ટી 20 ની પાંચમી અને અંતિમ મેચ આજે ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે શરૂ થશે. ભારતે બે વિરુદ્ધ એકની સરસાઇ મેળવી લીધી છે એથી શ્રેણી જીતવા બન્ને ટીમો માટે આજની મેચ મહત્વની મનાય છે.

---------------------------------------------------------------------------------

## રોજગાર મેળો

જિલ્લા રોજગાર વિનિમય કચેરી કચ્છ અને આઈટીઆઈ, ભુજના સંયુક્ત ઉપક્રમે 10 નવેમ્બરના સોમવારના સવારે 10 કલાકે આઈ.ટી.આઈ. ભુજ, લેવા પટેલ હોસ્પિટલ પાછળ, ભુજ ખાતે એપ્રેન્ટિસ તથા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગાર ભરતીમેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ પાસ ઉમેદવારો ભાગ લઈ શકે છે. જેમાં ખાનગી ક્ષેત્રના નોકરીદાતા ઉપસ્થિત રહેશે. આ ભરતીમેળામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલો અને બાયોડેટા સાથે ઉપસ્થિત રહેવું તેવુ રોજગાર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

------------------------------------------------------------------------------------

## ભુજ પાણી વિતરણ

ભુજ નગરપાલિકા પાણી પુરવઠા યોજના નર્મદાની પાણીની મુખ્ય પાઇપલાઇનમાં ભંગાણ પડેલ હોઇ આવનાર બે દિવસથી પાણીની લાઈનની મેન્ટેનન્સની કામગીરી યુદ્ધના ધોરણે પ્રગતિમાં છે. આ કામગીરી બે દિવસમાં પૂર્ણ થશે. ભુજ શહેરને મળતું નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી શકશે નહીં. જેના કારણે ભુજ શહેરમાં કરવામાં આવતી પાણીના સપ્લાયમાં એક કે બે દિવસનો વિલંબ થશે તેવું ભુજ નગરપાલિકાના વોટર સપ્લાયના ચેરમેને સંજય ઠક્કરે જણાવ્યું હતું. આ ઉપરાંત ઇન્ચાર્જ મુખ્ય અધિકારી અનિલ જાદવ તેમજ નગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા શહેરીજનોને પાણીનો કરકસરથી ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. મેન્ટેનન્સની કામગીરી પૂર્ણ થતા જ પાણી સપ્લાય રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે.

------------------------------------------------------------------------------------